(G.P.V.)-186-2,00,000-9-2003-A4 C.P.C.3e
[G.R.H.D.No.SDF-1058/66199-III, of 29-8-58]

Received on/- 14/10/2022
Registered on/- 14/10/2022
Decided on/- 01/04/2026
Duration- D- M- Y-

सत्यमेव जयते

# IN THE COURT OF the Addls. DISTRICT JUDGE, ARAVALLI @ MODASA.

*Pleaders*

**Regular Civil Appeal No 27/2022**

***Exh. No.***

| | | | |
|---|---|---|---|
| અપીલ કર્તા વિધ્વાન વકીલશ્રી ***ડી. એસ. શેઠ.*** | ***પેથાણી હાર્દિક દિનેશભાઈ***<br>રહે. મયુર પાર્ક, બાપુનગર, અમદાવાદ. | APPELLANT |

***વિરૂધ્ધ***

***વિરૂધ્ધ***

| | | |
|---|---|---|
| *રીસ્પોન્ડન્ટ તરફે એકતર્ફી* | ***(૧) ચૌહાણ ભારતસિંહ આદરસિંહ***<br>***(૨) ચૌહાણ આલુસિંહ આદરસિંહ.***<br>રહે. લીંબ, તા. બાયડ, જી. અરવલ્લી. | *RESPONDENT* |

**::: Appeal Under Section 96 R/w. Order 41 of Code of Civil Procedure :::**

**// ઠરાવ //**

(૧) .....વિવાદી ધ્વારા હાલની પ્રથમ અપીલ દિવાની કાર્યરીતી અધિનિયમ કલમ:– ૯૬ સાથે વંચાણે લેતા હુકમ:– ૪૧ અન્વયે દાખલ કરી, વિ. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ સીવીલ કોર્ટ, બાયડ કોર્ટ ધ્વારા સ્પેશીયલ દિવાની દાવા નંબર:– ૧૮/૨૦૧૭

(જુનો નંબર:-૨૦/૨૦૧૪) ના કામે તા. ૨૧/૦૬/૨૦૧૮ ના રોજ હુકમ કરી ''વાદીનો દાવો રદ'' કરતા હુકમ સામે કરવામાં આવેલ હુકમ અને હુકમનામાથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની અપીલના કામે પક્ષકારોની સ્થીતી ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલના અપીલકર્તા મુળ દાવાના કામે વાદી તરીકે હતા, જયારે હાલની રીસ્પોન્ડન્ટ મુળ દાવાના કામે પ્ર તિવાદી તરીકે જોડવામાં આવેલ હતા. ત્યારે હાલની અપીલના કામે પુરાવાની ચર્ચા કરતા દરમ્યાન અનુકુળતા ખાતર તેઓને મુળ વાદી તથા પ્રતિવાદી તરીકે જ સંબોધવામાં આવેલ છે.

(૩) આ કામે અપીલકર્તાની હાલની અપીલ દાખલ કરી, રીસ્પોન્ડન્ટને નોટીસ કરવામાં આવતા, સદર નોટીસ આંક:- ૫ આ કામના રીસ્પોન્ડન્ટને ધોરણસર બજી ગયેલ હોવા છતાં રીસ્પોન્ડન્ટ તરફે કોઈ હાજર ન હોય, હાલની અપીલની સુનાવણી એકતર્ફી કરવામાં આવેલ છે.

(૪) ત્યારે વાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે લીંબ, તા. બાયડની સીમના જુના સ. નં. ૪૭૭અ હ-૦૧-૨૨-૭૨ આર-ચો. મી. જેના ખાતા નંબર: -૬ નવો સર્વે નંબર:- ૧૧૫ હે-૦૧,૨૦-૫૨ આર. ચો. મી. તેમના ખાતા નંબર: -૧૦૬(૨) જુનો સર્વે નંબર:- ૪૭૭બ, હે-૦૦-૦૦-૬૪ આર. ચો. મી. જેનો ખાતા નંબર:- ૬, જેનો નવો સર્વે નંબર:- ૭૩, હે-૦૦-૦૦-૬૫ આર. ચો. મી. તેમજ ખાતા નંબર: -૧૦૬(૩) જુના સર્વે નંબર:- ૪૮૮ હે-૦૦-૯૩-૦૭ આર. ચો. મી. તેમજ જેનો ખાતા નંબર:- ૧૦૬(૪) જુનો સર્વે નંબર: -૪૮૬ હે-૦૦-૯૪-૦૯ આર. ચોફ મી. જેનો ખાતા નંબર- ૪૭૨, જેનો નવો સ.નં. ૧૧૭૪, ક્ષે. હે.૦૦-૯૪-૭૪ આરે. ચો.મી; તેમજ જેનો ખાતા નં.૫૭૨(૫), જૂનો સ.નં.૪૯૩, ક્ષે.હે.૦૦-૬૭-૭૯ આરે ચો.મી; જેનો ખાતા નં.૬, નવો સ.નં.૧૨૩૨, ક્ષે. હે.૦૦-૬૭-૫૧ આરે. ચો.મી; તેમજ તેનો ખાતા નં.૧૦૬ તથા ૬, જૂનો સ.નં.૫૦૧, ક્ષે. હે.૦૧-૩૪-૦૨ આરે ચો.મી. જેનો ખાતા નં.૪૯૯, જેનો નવો સ.નં. ૧૨૩૧, ક્ષે. હે.૦૧-૩૮-૦૪ આરે ચો.મી; તેમજ તેનો ખાતા નં. ૫૯૯ થી દાખલ થયેલ છે, તે પ્રતિવાદીઓનાં કબ્જા, ભોગવટામાં પ્રતિવાદીઓની જમીન આવેલ છે. સદરહું દાવાવાળી જમીન વાદીઓને પ્રતિવાદીઓએ કુલ રૂા.૨૮,૦૯, ૭૦૦/-નાં વેંચાણ અવેજથી વેંચાણ આપવાનું નક્કી કરેલ.

જેના બાના પેટે વાદીએ પ્રતિવાદીને રૂા.૧૦,૧૬,૩૦૦/– પૂરા ચેકથી ચૂકવી આપેલ. જે બાબતે આ કામનાં પ્રતિવાદીઓએ વાદીની તરફેણમાં તા.૨૫/૦૩/૨૦૧૩નાં રોજ સબરજીસ્ટ્રાર કચેરી, બાયડ ખાતે રજીસ્ટર્ડ બાનાખત નં.૩૧૭/૧૩થી કરી આપેલ, જેમાં પ્રતિવાદીઓએ બાનાની રકમ મળી ગયેલાનું કબુલ કરેલ છે. તેમજ બે માસની અંદર સદર જમીન ટાઇટલ કલીયર કરી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવાનું જાણાવેલ છે. ઉપરોક્ત રજી.બાનાખત થયે એક વર્ષનો સમય થઇ ગયેલ હોઈ પ્રતિવાદીઓએ સદર દાવાવાળી જમીન ટાઇટલ કલીયર કરી વાદીને વેંચાણ દસ્તાવેજ કરી આપેલ ન હોઇ વાદીએ તેમનાં વકીલશ્રી મારફત પ્રતિવાદીઓને નોટીસ આપી દાવાવાળી જમીનની વેંચાણ અવેજની બાકીની રકમ મેળવી રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવાં જાણાવેલ; છતાં બાનાખતમાં જાણાવ્યાં મુજબ દાવાવાળી જમીનનો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવાની કાર્યવાહી પ્રતિવાદીઓએ કરેલ નથી. અને રજી.વે.દ. કરી આપેલ નથી. પ્ર.વાદીઓ જમીનનાં વધતાં ભાવને કારણે દાવાવાળી જમીન અન્ય કોઈ ત્રાહીતને વેંચાણથી આપવાની પેરવાઈ કરી રહેલાં હોઇ વાદીએ તેમનાં વકીલશ્રી મારફત પ્રતિવાદીઓને નોટીસ આપી આવા કૃત્યો ન કરવાં જાણાવેલ. તેમજ અવેજની પૂરેપૂરી રકમ વાદી ચુકવવાં રાજી અને ખુશી હોવા અંગે પણ પ્રતિવાદીઓને જાણ કરેલ. જેથી વાદીએ હાલનો દાવો પ્ર.વાદીઓ સામે સ્પે.પર્ફોર્મન્સનો દાખલ કરી દાવાઅરજીમાં દાદ માંગેલ છે કે – (અ) મોજે લીંબ, તા.બાયડની સીમનાં જૂના સ.નં.૪૭૭અ, હે.૦૧–૨૨–૭૨આરે ચો.મી; જેનો ખાતા નં.૬, જેનો નવો સ.નં.૧૧૫૬, ક્ષે.હે.૦૧–૨૦–૫૨આરે. ચો.મી. તેમજ ખાતા નં.૧૦૬(૨), જૂનો સ.નં.૪૭૭બ, હે.૦૦–૦૦–૬૪આરે ચો.મી; જેનો ખાતા નં.૬, જેનો નવો સ.નં.૭૩, ક્ષે.હે.૦૦–૦૦–૬૫આરે.ચો.મી; તેમજ ખાતાનં.૧૦૬(૩), જૂનો સ.નં.૪૮૮, ક્ષે.હે.૦૦–૯૩–૦૭ આરે ચો.મી; જેનો ખાતા નં. ૬. જેનો નવો સ.નં. ૧૧૭૬, ક્ષે.હે.૦૦–૯૨–૮૦ આરે ચો.મી: તેમજ જેનો ખાતા ૪૭૨, જેનો નવો સ.નં. ૧૧૭૪, ક્ષે. હે.૦૦–૯૪–૭૪ આરે. ચો.મી; તેમજ જેનો ખાતા નં.૫૭૨(૫) જનો સ.નં.૪૯૩, ક્ષે.હે.૦૦–૬૭–૭૯ આરે ચો.મી: જેનો ખાતા નં.૬. નવો સ.નં.૧૨૩૨, ક્ષે. હે.૦૦–૬૭–૫૧ આરે. ચો.મી; તેમજ તેનો ખાતા નં.૧૦૬ તથા ૬, જૂનો સ.નં.૫૦૧, ક્ષે. હે.૦૧–૩૪–૦૨ આરે ચો.મી. જેનો ખાતા નં.૪૯૯, જેનો નવો સ.નં.૧૨૩૧, ક્ષે. હે.૦૧–૩૮–૦૪ આરે ચો.મી; તેમજ તેનો ખાતા નં. ૫૯૯ થી દાખલ થયેલ છે તે ખેતીની જમીન પ્રતિવાદીઓનાં કબ્જા, ભોગવટામાં આવેલ છે. સદર દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ આ કામનાં પ્રતિવાદીઓ વાદીઓને કરી આપે. વિકલ્પે ના.કોર્ટ દાવાવાળી જમીન બાબતે રીસીવરની નિમણૂંક કરી ના.કોર્ટ મારફતે વાદીને દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી–કરાવી આપે, તેવો હુકમ મેળવવાં દાદ માંગેલ છે; (બી) દાવાવાળી જમીન આ કામનાં પ્રતિવાદી અન્ય કોઇ ત્રાહીતને વેંચે વેંચાવે નહીં કે અન્ય કોઇ રીતે કોઇ ત્રાહીતનું હીત, હક્ક, હીસ્સો ઉત્પન્ન કરે–કરાવે નહીં. તેમજ દાવાવાળી જમીનનો કબ્જો કોઇને પણ કોઇપણ પ્રકારે સોંપે–સોંપાવે નહીં. જે મતલબનો કાયમી મનાઇહુકમ વાદીની તરફેણમાં પ્રતિવાદીઓ વિરૂદ્ધ મેળવવાં દાદ માંગેલ છે. ત્યારે મુળ વાદી:

બાબુભાઈ રામજીભાઈ પથાણી તા. ૦૩/૦૧/૨૦૨૦ ના રોજ અવસાન પામેલ હોય હાલમાં તેઓને વાદી તરીકે નામ દર્શાવેલ નથી.

(૫) ત્યારે વાદીના દાવાને દાખલ કરી, પ્રતિવાદીને સમન્સ કરવામાં આવતા, જે સમન્સ આ કામના પ્રતિવાદીઓને બજી ગયેલ હોવા છતા દાવાના કામે તેઓ હાજર રહેલ ન હોય, વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાની કાર્યવાહી એકતર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) વાદી ધ્વારા પોતાની દાવા હકીકતો પુરવાર કરવા સારૂ નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

***<u>મૌખીક પુરાવો</u>***

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૭ | બાબુભાઈ રામજીભાઈ પેથાણીની જુબાની |
| ૨ | ૩૪ | હાર્દિકભાઈ દિનેશભાઈ પેથાણીની જુબાની |

***<u>દસ્તાવેજી પુરાવા</u>***

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૨૧ | બાનાખતની ખરી નકલ |
| ૨ | ૨૨ | સ. નં. ૧૧૫૬ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૩ | ૨૩ | સ. નં. ૭૩ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૪ | ૨૪ | સ. નં. ૧૧૭૬ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૫ | ૨૫ | સ. નં. ૧૧૭૪ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૬ | ૨૬ | સ. નં. ૧૨૩૨ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૭ | ૨૭ | સ. નં. ૧૨૩૧ ની ગામ નમુના નં. ૭ની નકલ |
| ૮ | ૨૮ | પ્રતિવાદી ભારતસિંહને તા. ૧૮/૦૬/૧૪ ના રોજ આપેલ નોટીસ |
| ૯ | ૨૯ | પ્રતિવાદી આલુસિંહને તા. ૩૦/૦૬/૧૪ ના રોજ આપેલ નોટીસ |
| ૧૦ | ૩૦–૩૧ | નોટીસો પોસ્ટ કરેલ હોવાની રીસીપ્ટ |
| ૧૧ | ૩૨–૩૩ | બેંક ખાતાનો ઉતારો |

આ સિવાય વાદી તરફે અન્ય કોઈ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, વાદી તરફે આં ક:-૩૫ થી પુરાવાબંધ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે કોઈ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૮) ત્યારબાદ બંને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ હકીકતો અને પુરાવાઓને ઘ્યાને લઈ તથા સાંભળ્યા બાદ વિ. ટ્રાયલ કોર્ટ ઘ્વારા આંક:- ૦૯ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

મુદ્દા નંબર:- ૧ શું વાદીઓ સાબીત કરે છે કે, વાદીઓએ દાવાવાળી જમીનની વેચાણ કિં. ૨૮,૦૯,૭૦૦/- નકકી કરી, તેના બાના પેટે પ્રતિવાદીઓને રૂા.૧૦,૬૧ ,૩૦૦/- ચેકથી ચુકવી આપેલ છે?

મુદ્દા નંબર:-૨ શું વાદીઓ સાબીત કરે છે કે, પ્રતિવાદીઓએ વાદીઓની તરફેણમાં તા. ૨૫/૦૩/૨૦૧૩ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી, બાયડ ખાતે રજી. બાનાખત નં. ૩૧૭/૨૦૧૩ થી દાવાવાળી જમીનનો રજી. બાનાખત કરી આપેલ?

મુદ્દા નંબર:- ૩ શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીઓએ પેરા-૨ માં જણાવ્યા અનુસાર દાવાવાળી જમીનની બાના પેટેની રકમ મળી ગયાનું કબુલ રાખેલ છે?

મુદ્દા નંબર:- ૪ શું વાદીઓ સાબીત કરે છે કે, પ્રતિવાદીઓ જમીનના વધતા ભાવોને કારણો આર્થીક લાભ મેળવવા સદર દાવાવાળી જમીન અન્ય ત્રાહીત વ્યકિતને વેચાણ કરી દેવા માટે કટીબઘ્ધ બનેલા છે?

મુદ્દા નંબર:- ૫ શું વાદી સાબીત કરે છે કે, તેઓ ઉપરોકત બાનાખત મુજબ વેચાણ અવેજની બાકી રકમ પુરેપુરી ચુકવવા રજી અને ખુશી છે?

મુદ્દા નંબર:– ૬ શું વાદીઓ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

મુદ્દા નંબર:– ૭ શું હુકમ અને હુકમનામું?

ત્યારે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ સબંધે વાદી તરફે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરી, તમામ મુદ્દાઓના જવાબ '' નકારમાં '' આપી વાદીઓનો દાવો રદ કરતો હુકમ કરવામાં આવેલ છે.

(૯) ત્યારે હાલની અપીલ દાખલ કરી અપીલકર્તા/ મુળવાદી તરફે વિ. વ. શ્રી ડી. એસ. શેઠ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે હાલનો દાવો મુળ મોડાસા પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ હતો. તે દાવો બાયડ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ હોવા છતાં બાયડ કોર્ટ ધ્વારા આ દાવા અનુસંધાને કોઈ નોટીસ આ કામના પક્ષકારોને કરવામાં આવેલ નથી જે હકીકતો તા. ૭/૫/૨૦૧૮ ના રોજનું રોજકામ જોવામાં આવે તો તે હકીકત પુરવાર થાય છે. તેમજ આ કામના વાદી ધ્વારા પોતાના પુરાવા દરમ્યાન બાનાખતની નોટરાઈઝ નકલ સરખામણી કરી રજુ કરવામાં આવેલ હોવા છતાં વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા તે બાબતે તદ્દન ખોટા અને કાયદા વિરૂધ્ધના તારણો આપવામાં આવેલ છે. ખરી હકીકતો અસલ બાનાખત ગુમ થઈ ગયેલ હોય અને યોગ્ય અને ખંતથી શોધખોળ કરવામાં આવેલ હોવા છતાં આ બાનાખત મળી શકેલ નહી. તેમજ દાવો પણ એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં તબદીલ કરવામાં આવેલ હોય દાવો પણ ચોકકસ કઈ કોર્ટમાં છે તે બાબતે પણ વાદી જાણકારી મેળવી શકેલ નહી. તેમજ મુળ દાવાની કાર્યવાહી એકતર્ફી ચલાવવામાં આવેલ છે અને પ્રતિવાદીઓ ધ્વારા પણ વાદીના કોઈ પુરાવાનો ઈન્કાર કરેલ નથી. તેમજ હાલની અપીલના કામે મુળ અસલ બાનાખત રજુ કરવા સારૂ આંક:– ૯થી અસલ બાનાખત રજુ કરવા સારૂ તે રજુ કરવામાં આવેલ છે. જે ના. ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા નામંજુર કરવામા આવેલ છે. ત્યારે આ કામે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે સમગ્ર હુકમ ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે કોઈ અસલ બનાખત રજુ કરવામાં આવેલ ન હોવાના કારણસર જ તમામ મુદ્દાઓનું તારણ નકારમાં આપવામાં આવેલ છે. ત્યારે હાલમાં અપીલકર્તા ધ્વારા આ અસલ બાનાખત રજુ કરવામાં આવેલ છે. ત્યારે આવા ટેકનીકલ કારણસર વાદીનો દાવો રદ કરવામાં આવેલ હોય અને મુળ ન્યાય થઈ શકેલ ન હોય, ત્યારે સદર હુકમ ગેરકાયદેસર અને કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય તે રદ કરવા રજુઆત કરવામાં આવેલ

છે. વિકલ્પે સદર મુળ દાવો વાદીને પોતાના પુરાવા રજુ કરવા સારૂ પરત મોકલવા હુકમ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧૦) જયારે રીસ્પોન્ડન્ટ મુળ પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર નથી.

(૧૧) આમ, આ કામે પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ હકીકતો, મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાઓ તથા વિ. ટ્રાયલ કોર્ટનો ચુકાદાને ધ્યાને લેતા હાલની અપીલના ન્યાયી નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**::: મુદ્દા :::**

મુદ્દા નંબર:– ૧ શું વિ. ટ્રાયલ કોર્ટનો ચુકાદો પક્ષકારો ધ્વારા રેકર્ડ પર રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી વિરૂઘ્ધનો, કાયદા વિરૂઘ્ધનો છે?

મુદ્દા નંબર:– ૨ શું વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામામાં હસ્તક્ષેપ કરવો આવશ્યક છે?

મુદ્દા નંબર:– ૩ શું હુકમ, હુકમનામું?

(૧૨) મારા ઉપરોકત મુદ્દા અનુસંધાને જવાબ નીચે મુજબના છે:

મુદ્દા નંબર: –૧ હકારમાં

મુદ્દા નંબર:– ૨ હકારમાં

મુદ્દા નંબર:– ૩ આખરી હુકમ મુજબ

–: કા ર ણો :–

(૧૩) આ કામે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ઘડવામાં આવેલ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ છે, તેમજ મુદ્દાઓ પણ હકીકતો આધારેના છે, જેથી હકીકતો અને પુરાવાઓનું મુલ્યાંકનનું પુન:ઉચ્ચારણ ટાળવા સારૂ ઉપરોકત તમામ મુદ્દાઓને સંયુકત રીતે ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૪)** ત્યારે હાલની અપીલના ન્યાયી નિર્ણય માટે સૌ પ્રથમ એ બાબત નકકી કરવી આવશ્યક બની રહે છે કે, વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૬૧ થી ૬૩ અન્વયે વાદી દ્વારા અસલ દસ્તાવેજી પુરાવા રજુ કરી શકેલ ન હોવાના કારણસર તથા વાદીઓને દાવો ટ્રાન્સફર થઈ આવ્યા બાદ નોટીસની બજવણી કર્યા વગર કરવામાં આવેલ હુકમ હસ્તક્ષેપ કરવા યોગ્ય છે?

**(૧૫)** ત્યારે ઉપરોકત મુદ્દા અનુસંધાને અપીલકર્તા તરફે વિ. વ. શ્રી દ્વારા જે રજુઆતો કરવામાં આવેલ છે તે તથા હાલની અપીલના કામે રજુ કરવામાં આવેલ વધારાના પુરાવા રજુ કરવા પરવાનગી માંગતી અરજી સાથેના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા અસલ બાનાખત હાલની અપીલના કામે રજુ કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ અને સમગ્ર હકીકતો લક્ષ્યમાં રાખી અપીલકર્તા દ્વારા રજુ કરવામાં આવેલ વધારાના પુરાવા અપીલના કામે સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવેલ છે.

**(૧૬)** ત્યારે હાલની અપીલના કામે રજુ કરવામાં આવેલ મુદ્દાઓ ધ્યાને લેવામાં આવે તો સૌ પ્રથમ તેઓ દ્વારા હાલની અપીલના કામે દાવો ટ્રાન્સફર થઈ બાયડ ગયેલ હોવા છતાં વિ. ટ્રાયલ કોર્ટ, બાયડ દ્વારા આ દાવો બાયડ ખાતે હોવા બાબતે વાદીને કોઈ નોટીસ કરવામાં આવેલ ન હોવાની તકરાર ઉપસ્થીત રજુ કરવામાં આવેલ છે. જે અનુસંધાને હાલની અપીલના કામે વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ ધ્યાને લેવામાં આવે તો તે બાબત સ્પષ્ટ થાય છે કે, હાલનો દાવો પ્રથમ મોડાસા કોર્ટમાં ચાલતો હતો. ત્યારબાદ હાલનો દાવો વિ. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, બાયડ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭/૦૫/૨૦૧૮ ના રોજનું રોજકામ ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ પક્ષકારોને નોટીસ કાઢવા બાબતે સુચના આપવામાં આવેલ હોવાની હકીકત જણાઈ આવે છે .તેમજ તા. ૦૭/૦૫/૨૦૧૮ બાદ હાલનો દાવો તા. ૨૧ /૦૬/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ અને સદર કામ તા. ૨૧/૦૬/૨૦૧૮ ના રોજ હુકમ કરી ફેસલ કરવામાં આવેલ છે. ત્યારે તા. ૦૭/૦૫/૨૦૧૮ ની નોંધ મુજબ આ કામના પક્ષકારોને કોઈ નોટીસ કરવામાં આવેલ હોવા બાબતે કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૭)** ત્યારે આ કામે વિ ટ્રાયલ કોર્ટ ધ્વારા તેમના ધ્વારા નિર્ધારીત કરવામાં આવેલ મુદ્દા અન્વયે ના જે જવાબો આપવામાં આવેલ છે અને તે જવાબો સબબ આપવામાં આવેલ કારણો ધ્યાને લેવામાં આવે તો આ તમામ મુદ્દાઓ અન્વયેના જવાબો માત્ર વાદી તરફથી ગૌણ પુરાવા રજુ કરેલ હોવા ના કારણ માત્રથી તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં વાદી નિષ્ફળ જતા હોવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારે હાલની અપીલના કામે રજુ કરવામાં આવેલ આંક:-૯ વાળી અરજી ધ્યાને લેવામાં આવે તો તેમાં આ અસલ દસ્તાવેજ ખોવાઈ ગયેલ હોવાના કારણસર તેઓ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ ન હોવાની હકીકત રજુ કરવામાં આવેલ છે. ત્યારે વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ તથા આપવામાં આવેલ તારણો તથા દાવાની હકીકતો અને તેમાં માંગવામાં આવેલ દાદ ધ્યાને લેવામાં આવે તો તેમા પક્ષકારો વચ્ચેની ઉપસ્થીત તકરારો ધ્યાને લેતા તથા મહત્વની બાબતો પર ગુણદોષ પર તકરારનો નિકાલ થાય તે જરૂરી જણાઈ આવે છે. આમ, આ કામના અપીલકર્તાને પોતાનો યોગ્ય પુરાવો રજુ કરવાની તક આપવી આવશ્યક જણાઈ આવે છે. ત્યારે હાલની અપીલના કામે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષનો દાવો રીમાન્ડ કરી, પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓનું યોગ્ય મુલ્યાંકન કરી, ચુકાદો આપવા વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવો ન્યાયોચીત જણાઈ આવે છે.

**(૧૮)** આમ, આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા તેમજ દાવાના કામે રજુ કરવામાં આવેલ પુરાવા તથા હુકમમાં કરવામાં આવેલ પુરાવાકીય ચર્ચા ધ્યાને લેવામાં આવે તો વિ.ટ્રાયલ કોર્ટના હુકમ કાયદાકીય રીતે યોગ્ય અને પુરાવાના યોગ્ય મુલ્યાંકન કરી આપવામાં આવેલ હોવાનું જણાઈ આવતું ન હોય, ત્યારે હાલની અપીલના કામે મુદ્દા નંબર:- ૧ અન્વયેનો મારો જવાબ '' હકારમાં '' આપી, વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી, પક્ષકારો ધ્વારા જો કોઈ પુરાવો રજુ કરવામાં આવે તો તે લઈ, ફરીથી ચલાવવા સારૂ મુદ્દા નંબર- ૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) વિવાદીની હાલની અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) બાયડના વિ. પ્રીન્સીપાલ સીવીલ સીવીલ કોર્ટ ધ્વારા સ્પે.દિવાની દાવા નંબર:- ૧૮/૨૦૧૭ ( જુનો સ્પે. દિ. મુ. નં.૨૦/૨૦૧૪) ના કામે તા. ૨૧/૦૬/૨૦૧૮ ના રોજ વાદીનો દાવો રદ કરતો હુકમ રદ કરવામાં આવે છે. તેમજ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા સદર દાવાને ફરી ફાઈલે લઈ, પક્ષકારો ધ્વારા જો કોઈ પુરાવો રજુ કરવામાં આવે તો તે પુરાવા આધારે ફરીથી

ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલની અપીલનો ખર્ચ વિવાદીએ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) આ હુકમની પ્રમાણીત નકલ સાથે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તાત્કાલીક પરત મોકલવું.

હુકમ આજરોજ તારીખઃ- ૧લી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :- ૦૧/૦૪/૨૦૨૬.
સ્થળ :- મોડાસા.

(***સુનિલ મનહરભાઈ કામદાર***)
એડી. ડીસ્ટ્રીક્ટ જજ,
અરવલ્લી @ મોડાસા.
GJ 00984.